ISSN: 2349-6002

# વિષય- કિરીટ દુધાતની વાર્તાઓમાં સામાજિક સમસ્યાઓ

ચુડાસમા કિશોરસિંહ હરિસિંહ
*સરકારી વિનિયન કોલેજ, વલ્લભીપુર*
doi.org/10.64643/IJIRTV12I8-190993-459

ગુજરાતી સાહિત્યમાં અનુઆધુનિકકાળમાં કિરીટ દુધાત ટૂંકી વાર્તા ક્ષેત્રે અગ્રસ્થાન ભોગવે છે. લેખક પોતે સરકારી ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન પર સેવા આપતા હતા પરિણામે ફરજના ભાગરૂપે અને લોકશિક્ષણ, લોક સંસ્કૃતિ, લોકપ્રશ્નો આદિનો એમને ઊંડો અભ્યાસ રહ્યો છે. તેઓ પોતે અમરેલી ના આજુબાજુના વિસ્તારમાંથી આવે છે આ ઉપરાંત ફરજના ભાગ રૂપે તેમનો ગુજરાત અને તેના વિવિધ પ્રદેશોના જીવંત સંપર્ક તેઓ રહ્યા છે. તેથી તેમની વાર્તાઓમાં અમરેલી જિલ્લાનો અને સૌરાષ્ટ્રનો પ્રદેશ ધબકે ઊઠે છે, એ પ્રદેશના લોકોનો જીવન વ્યવહાર, લોકોને નડતી સમસ્યાઓ,લોકજીવન અને લોકમાનસિકતા તેમની વાર્તા ક્ષેત્રમાં કળાકીય અભિગમથી તેઓ પ્રગટ કરે છે. તેમણે કુલ બે વાર્તા સંગ્રહ આપ્યા છે.

(૧) 'બાપાની પીપર' 1998 માં

(૨) 'આમ થાકી જવું' જે 2008માં પ્રકાશિત થયો

બંને સંગ્રહોમાં બધી મળીને મળીને કુલ 17 વાર્તાઓ છે. આ વાર્તાઓમાં 'પ્રવાસ', ' ઉજરડો' , 'તું આવજે', ' બાપાની પીપર', ' ડચૂરો' , 'લીલ' , 'આમ થાકી જવું' ,જેવી વાર્તાઓમાં અનેક વિષયો સામાજિક સંદર્ભો લઈને પ્રગટે છે. આ વિષયોમાં મુખ્યત્વે લગ્ન સંબંધના જાતીય સંવેગો અને જાતિય આવેગો જેવા મનોવૈજ્ઞાનિક સંદર્ભોથી તોલી શકાય તેવા પ્રશ્નો સામાજિક પ્રશ્નો કઈ રીતે બને છે તેની વાત કળાકીય માપદંડથી વાર્તા તત્વને હાની કર્યા વગર રજૂ કરે છે. આ ઉપરાંત પાત્ર માનસની સંકુલતા અને પાત્રોની અંતર છબીમાં પડતા સામાજિક પ્રશ્નો કળાકીય માધ્યમથી રજૂ થાય છે. તો બીજી બાજુ એમની વાર્તાઓમાં ચુસ્ત સામાજિક બંધનોની વચ્ચે પ્રણય સંબંધની માધુરી પ્રગટે છે. આ ઉપરાંત મનુષ્ય જીવન સાથે સંકળાયેલો આર્થિક સંકડામણનો મૂળ પ્રશ્ન તેમની વાર્તાઓમાં સામાજિકતાને નજરમાં રાખી પ્રગટ થાય છે. આ સિવાય આજના સમયમાં સુશિક્ષિતોનો ફરજના ક્ષેત્રમા જોવા મળતી અપ્રમાણિકતા જેવો મહત્વનો પ્રશ્ન એમની વાર્તાઓમાં પ્રગટ થાય છે

'એક બપોરે', 'દીકરો', 'ભૂત', 'આ સવજી શામજી બચુ કોઈ દી' સુખી ન થયો'. આદિ વાર્તાઓમાં લેખક **આર્થિક સંકડામણ નો પ્રશ્ન** રજૂ કરે છે

'પ્રવાસ', 'તું આવજે' જેવી વાર્તાઓમાં લેખક કહેવાતા **સુશિક્ષિતો ફરજના ક્ષેત્રમાં અથવા તો ફરજના કામમાં કેવી અપ્રામાણિકતા** દર્શાવે છે તેનું રસપ્રદ આલેખન કરે છે

'ભાઈ', 'લીલ', 'વી. એમ.', ' તું આવજે ને', ' વીંટી' જેવી વાર્તાઓમાં લેખક પ્રણય સંબંધોનું સુમધુર આલેખન કરે છે અને એ **પ્રણય સંબંધો ઉપર સમાજના બંધનો કઈ રીતે અસર કરે છે** તેનું સરસ આલેખન કરે છે

લેખક 'બાપા ની પીપર', ' ડચૂરો', 'લીલ', ' તુ આવજે ને', ' આમ થાકી જવું' જેવી વાર્તાઓમાં **લગ્ન સંબંધોના જાતિય આવેગો અને જાતીય સંબંધો સમાજના માળખામાં રહીને કઈ રીતે પાંગરે છે** તેનું સરસ મજાનું આલેખન કરે છે

 ISSN: 2349-6002

**કિરીટ દુધાતની વાર્તાઓમાં સામાજિક સમસ્યાઓ**

અર્વાચીન ગુજરાતી સાહિત્યને યુગ પ્રમાણે વિભાજન કરતા નર્મદ યુગ, પંડિત યુગ ,ગાંધીયુગ, અનુગાંધીયુગ અને અનુ આધુનિક યુગમાં વિભાજિત કરી શકાય આ દરેક યુગની પોતાની આગવી લાક્ષણિકતાઓ છે.અહીં આપણે જે સર્જક સંદર્ભે અને એમના કવન સંદર્ભની વાત કરવાના છીએ તે અનુઆધુનિકયુગનું પ્રતિનિધિત્વ કરે છે. વાર્તાકાર કિરીટ દુધાત નો જન્મ પહેલી જાન્યુઆરી 1961 ના રોજ અમરેલી જિલ્લાના મોટા આંકડિયા ગામમાં થયો હતો આથી ગામડાની જીવનશૈલી, રીતભાત, આચારવિચાર, તળપ્રદેશની સંસ્કૃતિ આદિનો તેમને બહોળો અનુભવ અને આ અનુભવ તેમની વાર્તાઓ ને મદદથી આવે છે આ ઉપરાંત તેઓ વ્યવસાયે સરકારી કર્મચારી,આરંભમાં વહીવટી નગરી ગાંધીનગરમાં ક્લાર્ક ની ફરજ બજાવી પરંતુ ત્યારબાદ સરકારશ્રીની સીધી ભરતી દ્વારા મામલતદાર અને નાયબ કલેકટર સુધીની તેમની વ્યવસાયિક સફર તેમનો આ વ્યવસાય તેમના વાર્તા લેખનને ઉત્તમ ભૂમિ પૂરી પાડે છે. કારણ કે ઉચ્ચ સરકારી અધિકારી હોવાના કારણે તેઓનો લોક સંપર્ક વિશેષ રહ્યો. આથી લોકોની સમસ્યાઓના તેઓ સીધા સાક્ષી બન્યા એ સમસ્યાઓને તેમણે નજીકથી જોઈ અને તેના ઉકેલ માટે તેમની સંવેદનશીલ પ્રકૃતિએ બળ પૂરું પાડ્યું જેનો સીધો જ પડઘો તેમની વાર્તાઓમાં આપણને સંભળાય છે.

સર્જક તરીકે કિરીટ દુધાત વાર્તાકાર બનીને વિશેષ પ્રગટે છે તેમની સાડા ચાર દાયકા ની સર્જક તરીકેની સફરમાં આપણને કુલ બે વાર્તા સંગ્રહોમાં ઘણી ગાંઠી રોકડી 17 જેટલી વાર્તાઓ મળે છે તેમણે બે વાર્તા સંગ્રહો 'બાપાની પીપર' 1998 માં અને 'આમ થાકી જવું' 2008માં પ્રકાશિત થયા તેમણે જીવન મંત્ર રાખેલો "ઓછું લખીશ પરંતુ નબળું તો નહીં જ લખું"આવી માન્યતા ધરાવતા સર્જક જ્યારે વાર્તા લખે છે ત્યારે આપણને ઘણી પાણીદાર કૃતિઓ તેમની પાસેથી મળે છે આ આકૃતિઓને આધારે આપણે સામાજિક સમસ્યાઓને તાગવાનો ઉપક્રમ રાખીશું ગુજરાતી સાહિત્યમાં છેક નર્મદયુગથી અત્યાર સુધીના યુગમાં સાહિત્યના અનેક ક્ષેત્રોમાં ખેડાણ થઈ ચૂક્યું છે જેવા કે નવલકથા, નાટક, કવિતા, ટૂંકીવાર્તા નિબંધો આદિ આ બધા ક્ષેત્રોમાં ટૂંકીવાર્તાના ક્ષેત્રે આપણે વિચાર કરીએ તો ગુજરાતી સાહિત્યમાં સવિશેષ ખેડાણ થયું છે. સાહિત્યને આપણે યુગ પ્રમાણે વિભાજિત કરીએ તો આરંભમાં પંડિત યુગ,ગાંધીયુગ, અનુગાંધી યુગ, આધુનિક યુગ, અનુઆધુનિક યુગ. અનુઆધુનિક યુગ દરમિયાન સાહિત્યના ક્ષેત્રે વાર્તાના ક્ષેત્રે વિશેષ ખેડાણ થયું છે.અનુઆધુનિકયુગના સાહિત્યની મુખ્ય ત્રણ સેર જોવા મળે છે. દલિત ચેતના, ગ્રામ ચેતના અને નારી ચેતના આ ત્રણ મુખ્ય સેરમા અનુઆધુનિક ગુજરાતી સાહિત્ય વિસ્તર્યું છે. આજે આપણે ટૂંકી વાર્તાના ક્ષેત્રે અને ખાસ કરીને કિરીટ દુધાતના સંદર્ભે તેમની વાર્તાઓમાં સામાજિક સંદર્ભો કઈ રીતે પ્રગટે છે તે તપાસવાનો ઉપક્રમ રાખ્યો રાખીશું.

કિરીટ દુધાતની વાર્તાઓમાં આપણને ઉપરછલ્લી નજરે જોઈએ તો નીચેના પ્રશ્નો,નીચેની સામાજિક સમસ્યાઓ કલાના માધ્યમથી રજૂ થતી જોવા મળે છે; જેવી કે આર્થિક સંકડામણનો પ્રશ્ન, આ ઉપરાંત સુશિક્ષિત લોકો ફરજના ક્ષેત્રમાં અથવા તો ફરજના કામમાં કેવી અપ્રમાણિકતા દર્શાવે છે તેનું અમુક વાર્તાઓમાં રસપ્રદ આલેખન છે, આ ઉપરાંત અમુક વાર્તાઓમાં પ્રણય સંબંધો ઉપર સમાજના બંધનો કઈ રીતે અસર કરે છે તેનું સરસ આલેખન અમુક વાર્તાઓમાં જોવા મળે છે, આ ઉપરાંત લગ્ન સંબંધોના જાતીય આવેગો અને જાતીય સંબંધો સમાજના માળખામાં રહીને કઈ રીતે પાંગરે છે તેનું સરસ આલેખન અમુક વાર્તાઓમાં જોવા મળે છે.

કિરીટ દુધાત વાર્તાકાર તરીકે તેમના સમકાલીન અને પૂર્વકાલીનથી થોડા જુદા પડે છે તેમનો ગ્રામ પ્રદેશનો અનુભવ;એ અનુભવને આધારે તેમણે અનુભવેલું સંવેદન અને આ સંવેદનને આધારે તેઓની વાર્તા રચાય છે,વાર્તા

રચે છે. તેમને માત્ર પોતાના પ્રદેશનું વળગણ નથી તેઓ તટસ્થ બનીને તેમના પ્રદેશની સમસ્યાઓ આદિને જુએ છે અને આ સમસ્યાના મૂળ સુધી જવાનો એક કલાકારના રસ્તે પ્રયત્ન કરે છે. એમની મોટાભાગની વાર્તાઓ પ્રથમ પુરુષ એકવચનની રીતે કહેવાય છે તેમની દરેક વાર્તા રચના રીતે અને વાતાવરણના સંદર્ભે જુદી જુદી રીતે પ્રગટ થાય છે તેમની કૃતિઓમાં ક્યાંક સ્ત્રીઓના રુદન છે તો ક્યાંક સમાજમાં કે ગામમાં એકલા પડી ગયેલા અથવા તો એકલા પાડી દીધેલા શોષિત પીડિત ની વેદના છે આમ છતાં તેમનો કેમેરો ગ્રામીણ સમાજ અને શહેરી સમાજ તરફ એક સરખો મંડાયેલો રહે છે.

કિરીટ દૂધાતની નખશિખ ઉત્તમ ગણાતી વાર્તા 'બાયું' અત્રે યાદ આવે સારા ઘરે કન્યાને દેવા માટે આજના સમયે પણ કન્યાના વાલી તેના માતા પિતા અને કુટુંબ સહિત આખું ઘર ગમે તે વાત સ્વીકારવા તૈયાર થઈ જાય છે.આ આજની એક સામાજિક સમસ્યા છે આ વાતને આ સમસ્યાને સર્જક મંજુ, વાઘજી આપા, રામજી આતા જેવા પાત્રો દ્વારા સરસ

રીતે રજૂ કરે છે.વાર્તા નાયકા મંજુને સાથળે કોઢ છે એવી વાત ગામમાં ફેલાય છે.મંજુને આપી તો છે વિરાણીના ખોરડે.મંજુનો ભાવિ પતિ દિનેશ શરત મૂકે છે "તમે કહેતા હોય તો હું આવીને ખાતરી કરી જાવ નહીંતર મંજુલા ને અહીંયા મોકલો"આખા ઘરના તમામ પુરુષો આ વાત માનવા તૈયાર થઈ જાય છે.નથી તૈયાર થતી કામરુદેશના સેનાનીઓ.પુરુષોનો જવાબ જુઓ;

"નહીં જેવી વાતમાં સગપણ તોડી નખાય? અટાણે હું મગના દરજીને કહીને જ હાલ્યો આવું છું કે ગુરુવારથી એ આપણી હોપીસ માં સંચો માંડી દે વિરાણીની એક આખી ઓરડી આપણે મંજુના કરિયાવરથી ભરાય જવી જોઈ આપણા ચાર ભાઈઓ વચ્ચે એકની એક છોડી છે બચ્ચાડી" વાર્તાના અંતે મંજુ ખરેખર બિચારી સાબિત થાય છે.ઊંચા ઘર ની વહુ થવા માટે આજે પણ કન્યાઓએ કેટલી પરીક્ષાઓમાંથી પાસ થવું પડે છે તેનો જીવતો જાગતો પડઘો આ વાર્તામાં પડે છે

'બાયું'વાર્તામાં સ્ત્રીઓ એટલે ઘરકામ કરવા માટે જ, એ પ્રકારની માનસિકતા આજે પણ સમાજના કોઈને કોઈ વર્ગમાં ગંધાતી પડી છે આ પ્રકારની માનસિકતા ને પણ આ વાર્તા પીંછીના એકાદ લસરકે કે ઉજાગર કરી દે છે સર્જક નો લસરકો જુઓ;

"મોટાબા સમજાવતા કે એક ચોટલા વાળી વહું કામ ઘણું કરે, બે ચોટલા વાળી શણગાર સજવામાંથી ઊંચી આવે ત્યારે ઘરનું કામ કરે ને એટલે હું થોડીવાર ગંભીરતાથી વિચારીને કહેતો આપણે તો એક ચોટલા વાળી વહું જોઈએ કામ ન કરે એવી ઘરવાળી શું કામની"

નાની સરખી વાતમાં કે વિચારભેદમાં આજે પણ ઘણા ઘરમાં ઘરની લક્ષ્મીને પત્નીને પિયર નો માર્ગ દેખાડવાનું વલણ જોવા મળે છે; "વાઘજીઆતાના ચહેરા પર મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીનું તેજ છવાઈ ગયું એ બોલ્યા જાદુ જોડય ગાડુ અને તારી કાકીને મુકી આવ્યા એના બાપાને ઘેર્ય વાઘજીઆતા એ કહ્યું ભાઈ આપણે કાલથી વ્યવહાર મૂકીને રાંધવા બેસી જઈએ"

ઘરની 'બાયું' મંજુના કોડ પરીક્ષણના વિરોધમાં હતી છતાં ઘરમાં આજની તારીખે પણ સ્ત્રીઓનું કંઈ ચાલતું નથી એ વાત અહીં રજૂ થાય છે કોઈ સાંભળવા પણ તૈયાર નથી અને પુરુષોએ ધારેલું જ કર્યું દિનેશ રાજીનો રેડ, પુરુષો રાજીના રેડ, બધા જ રાજી; માત્ર સ્ત્રીઓને બાદ કરતા. છતાં વાર્તાના અંતે ક્યાંક વિરોધની ઝાંખી જોવા મળે છે. જકલમાં ખૂણામાં બેસીને ચૂપચાપ માળા ફેરવતા હતા એ કંઈ ન બોલ્યા પણ સવજી આતાએ પીઠ ફેરવીને ઓફિસમાં જવા જેવા પગ ઉપાડ્યા હજી અડધી જ માંડ પૂગ્યા ત્યાં ચંચળમાં રોટલા કરતા હતા તે ચૂલામાંથી એક ઇંધણું લઈને ઊભા થઈ ગયા અને રાડ નાખી તમારી માના ધણી હવે આવ્યા છો ડાયા થવા તમારા બેય કુલે ડામ દેવા જોઈ મારી રતન જેવી દીકરી -કહીને ચંચળમાં એ જોરથી ઈંધણું ગાર્ય કર્યા વગરની કાળી પોપડીવાળી દિવાલ પર

 ISSN: 2349-6002

પછાડ્યું.ચારે બાજુ તેના કોલસા ઉડયા, પછી નીચે બેસીને ચંચળમાં છુટા સાથે રોઈ પડ્યા. એક ધ્રુસકું પૂરું કરીને બીજા ધ્રુસકાં માટે એમણે શ્વાસ અંદર લીધો ત્યારે તાવડી નો રોટલો બળીને કોલસો થઈ ગયો હતો" અહીં આપણે જોઈ શકીએ છીએ કે ડોલ્સહાઉસની નાયિકા નોરાં જે રીતે બારણું પછાડીને ઘરની બહાર ચાલી જાય છે તેમ અહીં પણ દિવાલ ઉપર પછાડવામાં આવતું લાકડું એ વિરોધ નો એક અંદાજ જ છે.

કિરીટ દુધાતની આવી જ એક સરસ વાર્તા'ભાય'નો અંત જુઓ "સાધુડા ઘરમાં અને માલદે ચોરી નવ કરીએ હોજી"અંત આપણને વળ દઈને ચોટકો ભરે છે. વાર્તાના મુખ્ય પાત્ર તો વિમળાભાભી,ભોળો ,કાળુ ,ટપુબાપા બસ આટલા જ. ભોળો ખરેખર ભોળો લાગે પરંતુ આપણે માનીએ એટલો ભોળો,ભોળો નથી બધું જાણે છે. પોતાના ઘરમાં પોતાનું શું સ્થાન છે એની એને બરાબર ખબર છે. પોતાની પત્ની પણ પોતાને 'બુડથલ' માને છે. પરણ્યો છતાં સૂવાનું તો દુકાને જ ઘરની અને ઘરનાની રખેવાળી બીજા કરે;ઘરના જ કરે આ બધી વેદના અહીં માત્ર ભોળાના સંદર્ભમાં રજૂ થઈ છે પરંતુ આ બાબત ઝીણી આંખે જોઈએ તો સમાજના ખૂણે ખૂણે જોવા મળશે નીચેનો સંવાદ જુઓ;

" કેમ ? ભોળા ટપુબાપા ઉપર અને ભોળાનો છોકરો ભોળા ઉપર્ય. ત્રણેયના મોઢા એક સરખા તો લાગે છે" હજી બીજો સંવાદ જુઓ;

-આ કાળું ભણ્યે બોવ હુશ્યાર, કાયમ પે'લો ને પેલો નંબર રાખે.

-ને મારો બીજો નંબર આવે, નૈ કાળું ? અહીં ભોળાની વેદના કેવી સરસ રીતે અનાયાસે રજૂ થઇ જાય છે !

ભોળો પોતાના દીકરાને રમાડે છે હવામાં ઉછાળી રમાડે છે બાજુમાં ઊભેલી ટીકુને દેખાડી કહે છે જો ભાય ભાય દીકરાની આ રમત લેખકે કેવા શબ્દોમાં આલેખી છે તે જુઓ;

"એમ ભોળાએ એના દીકરાને ઉલાળી ઊંધો કરી ગલગલીયા કરી કરીને બોલ્યા કર્યું ભાઈ ભાઈ વીમો ભાભી રસોડામાંથી દોડતા આવ્યા ભોળા ના હાથમાંથી છોકરો છૂટી લીધો મુકો હવે આવ્યા મોટા રમાડવા વાળા ટપુ બાપા જમીને અંદરના રૂમમાંથી બહાર આવ્યા દુકાને જા મોટો ભાઈ વાળો ન હોય ઘડીક તો ઝંપવા દે બુડથલ"

લાકડે માંકડું વળગવાડવામાં માહીર સમાજમાં જ્યારે લગ્ન સંબંધમાં પતિ પત્નીના ઉંમરમાં ખાસો તફાવત જોવા મળતો હોય ત્યારે દાંપત્યજીવનમાં કેવા પ્રશ્નો ઊભા થાય છે તેની વાત 'બાપાની પીપર' વાર્તામાં સર્જકે સરસ રીતે કરી છે.નાગજીબાપા મોટી ઉંમરે પોતાનાથી અડધી ઉંમરની સ્ત્રી સાથે લગ્ન કરે છે આ વાત ગામમાં જંગલના અગ્નિની જેમ ફેલાઈ જાય છે. ગામ લોકોને તો જોણું અને વાત કરવાનું એક ઠેકાણું વગર માગીએ મળી ગયું છે. આખી વાર્તામાં નાગજી બાપા પોતાના ફળિયામાં પીપરનું ઠુંઠુ રોપે છે; ઉછેરે છે અને એ ઠુંઠા ફરતી સતત વાડ કરતાં જોવા મળે છે અહીં પીપર નું ઠુંઠું અનાયાસે કાકીનું રૂપક બનીને આવે છે જ્યારે વાડ નથી હોતી ત્યારે તેની આજુબાજુથી ભેલાણ કરવા માટે બીજા રાની પશુ આવવાના જ કદાચ આ વસ્તુ,આ વાત નાગજી બાપા સારી રીતે જાણે છે અને એટલે જ એ ઠુંઠા ફરતી વારંવાર વાડ કરતા જોવા મળે છે વાર્તામાં રીતે જ પરભુ'દા મહારાજ, જેંતી જેવા પાત્રો આવે છે. પરભુ'દાની નજર કાકી ઉપર છે કાકી પાણીની ડંકી ધમે છે ત્યારે પરભુ'દા કાકીને પાણીની ડંકી ધમી દેવા માટે મદદ કરવા ઈચ્છે છે પરંતુ કાકી આ મદદ લેવા તૈયાર નથી કાકી કહે છે કે પાણી ધમતા તો મને આવડે છે ત્યારે પરભુ'દાનો સંવાદ જુઓ;

"ધમવા ધમવામાં ફેર હોય કાકી કો'ક ધમે તો બે ચાર ટીપા પડે ને કોઈ ધમે તો ધળકા ના ધળકા છૂટે સમજ્યા ?"

વાવાઝોડામાં ગામમાં નુકસાન થયું છે કાળા કોપનો વરસાદ અને વાયુ ફુંકાયો છે વાર્તાનો અંત જુઓ;

"મને યાદ આવ્યું, હા એ એલા વરસાદ તો કાળા કોપનો મંડેલો. જેન્તી ને પૂછ્યું,

- શું થયું એલા એ વરસાદમાં ?

 ISSN: 2349-6002

- શું થ્યું શું? નાગજીબાપાની પીપર પડી ગઈ. ઇ પડી તો ધોળી ઘરની દીવાલ ય પાડતી ગઈ. ઘર એક બાજુથી સાવ ઉઘાડું થઈ ગ્યું છે, મોભારોય લબડી પડ્યો છે. વે'લોમોડો ઈય પડી જવાનો.

હું આખો ચોળવાનું ભૂલી ગયો.

-હે જેંતી ? પીપર્ય પડી ગઈ ? ભારે કેવાય.

- તંઇ શું ? જેંતીએ કહ્યું,મૂળિયાં સૌથી ઊખડી ગઈ. ડાળીએ ડાળી પીંખાઇ ગઈ, પાંદડેપાંદડા વીંખાઈ ગયા"

અહીં એ કહેવાની ભાગ્યે જરૂર છે કે વાર્તાનો અંત જે રીતે પીપર પડી ગઈ એની ડાળી ડાળી પીંખાઇ ગઈ પાંદડે પાંદડા વીંખાઈ ગયા એ જ રીતે વાર્તા ના અંતે વાર્તા નું એક પાત્ર આ જ અવસ્થાને પામે છે

વાર્તાકાર કિરીટ દુધાતની બીજી સરસ વાર્તા 'કુતરાં'છે આ સમગ્ર વાર્તામાં કૂતરો પ્રતિકાત્મક રીતે રજૂ થાય છ. શહેરી વિકાસને નામે રાષ્ટ્ર વિકાસના નામે અથવા તો વિકાસને નામે ગામડાઓ ભાંગીને ભુક્કો થઈ ગયા અને શહેરોનો વિકાસ થયો ખેતરો આજે પ્લોટમાં ફેરવાઈ ગયા. શહેરના વિકાસમાં ખેડૂતોની જમીનો રોજે રોજ હજમ થતી જાય છે. એક સમયનો ખેતરનો માલિક જમીન વેચી દુકાન ખરીદે છે; દુકાન ચાલતી નથી, વાહન ખરીદે છે;વાહનના ભાડા મળતા નથી અને અંતે ઝેર પી લે છે. આજે રોજે રોજ છાપા વાંચતા આ પ્રકારના સમાચાર વાંચીને આપણને નવાઈ લાગતી નથી કારણ કે હવે આ રોજનું થયું છે જે ખેડૂત એક સમયે ખેતરનો માલિક હતો તે આજે મજૂર બની ગયો છે.આજના ઉદ્યોગિક વિકાસમાં જમીન માલિક ખેડૂતોની શું દશા થઈ છે તે આ વાર્તામાં સરસ રીતે આલેખ આયુ છે લેખક કહેવા માંગે છે કે વિકાસ અને વિનાશ આમ સમાંતર ચાલ્યા જ કરે છે પરંતુ આનો અંત ક્યારે આવશે તે એક મોટો પ્રશ્નાર્થ છે.

વાર્તાકાર કિરીટ દુધાત સાવ નોખી ભાત ઉપજાવતી વાર્તા એટલે 'ડચૂરો'વાર્તાનું મુખ્ય પાત્ર કાળુ ઉમરમાં સાવ નાનો છે આ વાર્તામાં સર્જકે કાળું અને પ્રભાભાભીના જાતીય સંવેગોને વાત કરી છે. જીવરાજભાઈ ને પરણીને આવેલી પ્રભા ભાભી તરફ આરંભમાં તો ઉંમરમાં નાનો કાળું સહજ વર્તન કરે છે પરંતુ આગળ જતા આ વર્તન પ્રભાભાભીના મોહક વ્યક્તિત્વથી ખેંચાઈને આપણને કંઈક જુદો લાગે છે સર્જક લખે છે પછી તો ઘણું બનેલું અને એ પછી ઘણું બનેલું આ વાક્ય વાર્તા ના પાત્ર કાળું અને પ્રભાભાભી વચ્ચેના વિકસેલા સંબંધોનો પુરાવો આપે છે. વાર્તાના આરંભમાં જ વાર્તાનાયક એક વાત માંગે છે પ્રભાભાભી હવે હયાત નથી આથી શહેરમાંથી તે મોઢે થવા આવ્યો છે. જીવરાજભાઈ પાસે બેસે છે અને વાતો માંડે છે વાર્તાના અંતે જીવરાજભાઈ જે ખુન્નસ કાળુંને અડબોથ મારે છે એ અડબોથમાં વાર્તા નાયક કાળું અને પ્રભાભાભીના વિકસેલા સંબંધોના સગડ જોવા મળે છે.આમ આખી વાર્તા બે પાત્રોના જાતીયસંબંધો આવેગો ની વાત કરે છે અને એ સંબંધો ની સમાજના ત્રીજા પાત્ર પર શી અસર થાય છે તેની વાત કરે છે.

આજે કહેવાતા વિકાસની સાથે એક પ્રશ્ન હંમેશા લટકતો રહ્યો છે કે વિકાસ થયો છે ખરો પરંતુ કોનો ? જેનો ખરેખર વિકાસ થવો જોઈએ એનો વિકાસ થયો છે ખરો ? અર્થશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો આજે અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ વધારેને વધારે પહોળી થતી જાય છે. અમીર વધારે અમીર અને ગરીબ વધારે ગરીબ થતો જાય છે આજે એક બાજુ રૂપિયાની રેલમછેલ છે તો બીજી બાજુ આર્થિક સંકળામણનો પ્રશ્ન પણ ઘણા લોકોને પજવે છે. વાર્તાકાર કિરીટ દુધાત 'એક બપોરે', 'દીકરો', 'ભૂત', 'આ સવજી શામજી બચુ કોઈ,દી સુખી ન થ્યો' આદિ વાર્તામાં આર્થિક સંકળામણનો પ્રશ્ન રજૂ કરે છે 'એક બપોરે' વાર્તામાં ગામડાનો સીધો સાદો વ્યક્તિ આર્થિક બેહાલીને કારણે ઉછીના લીધેલા પૈસા પાછા નથી આપી શકતો ત્યારે ગામનો બલિષ્ઠ વ્યક્તિ તેનું જે રીતે અપમાન કરે છે આ અપમાનની ક્ષણનો સાક્ષી થનારું તેનું કુમળું બાળક એવું આઘાત પામે છે તેનું આલેખન કરે છે. આપણે કેવી સમાજ વ્યવસ્થા માં જીવીએ છીએ કે જ્યાં એક નિર્ધન માણસનું હીર, એનું ગૌરવ થોડા પૈસા માટે ગમે તે માણસ

 ISSN: 2349-6002

હણી શકે છે આ વાત ‘એક બપોરે’નામની વાર્તામાં વાર્તાકારે સરસ રીતે રજૂ કરી છે

તો વળી ‘ઘર’ નામની વાર્તા આર્થિક બેહાલીને કારણે સ્ત્રીનું જે રીતે શારીરિક શોષણ થાય છે તે વાત રજૂ કરે છે. અહીં તો પતિ પોતે જ પોતાની સ્ત્રીનો સંપર્ક જુદા જુદા પુરુષો પાસે કરાવી અને પત્નીનો દેહ વેચે છે આ સ્ત્રીને હંમેશા ઘરનો વિચાર આવે છે એ ઈચ્છે છે કે એવું ઘર હોય કે જ્યાં પોતે માનસિક સ્તરે સ્થિર રહી શકે આમ આખી વાર્તામાં ઘર ઝંખતી વાર્તા નાયિકાનો મિજાજ રજૂ થયો છે આપણી આજુબાજુ આજે પણ આ પ્રકારની સ્ત્રીઓ બહુ સરળતાથી તમને મળી રહી છે કે જે સ્ત્રીઓ માત્ર ઘર ચલાવવા માટે પોતાનો દેહ મને ક મને પણ બીજાને વેચવા માટે મજબૂર બને છે આ આખી વાત વાર્તાકાર કિરીટ દુધાતે સરસ રીતે રજૂ કરી છે

સંદર્ભ ગ્રંથો

[1] કિરીટ દુધાત ડિસેમ્બર 1998 બાપાની પીપર અમદાવાદ નવભારત સાહિત્ય મંદિર
[2] કિરીટ દુધાત જૂન 2008 આમ થાકી જવું અમદાવાદ ઈમેજ પબ્લિકેશન
[3] પરમાર મોહન આસવાદ નોંધ આનું આધુનિક વાર્તા સૃષ્ટિ
[4] મણિલાલ પટેલ ઠાકર દક્ષેશ સંપાદન 1999 રતિ અને રાગનું સાહિત્ય રતિ રાગની વાર્તાઓ અમદાવાદ પાર્શ્વ પબ્લિકેશન 17 18
[5] રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક સંપાદન 1998 કરતા કૃતિ પરિચય ગુર્જર અદ્યતન નવલિકા ચયન અમદાવાદ ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય